॥ સનાતન પરમો ધર્મ ॥

રવિવારી પૂર્તિ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

સં - ૨૦૭૯ | કારતક સુદ : ૧૩ | રવિવાર | તા.: ૦૬.૧૧.૨૦૨૨ | SDP No. : 927 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

રદ્દી સે સમૃદ્ધિ મારો સંકલ્પ

શ્રી સમાજનાં વિકાસ અને વ્યવસ્થા અને સનાતની સમજણનાં અધિવેશનની સાર્થકતા કાજે, તેમ જ મારા પૌત્ર રાજ વિનોદ ગોરાણી ૧૭ માં જન્મદિવસ નિમિતે મારું અને મારા પરિવારનું નાનકડું રદ્દીનું યોગદાન *1700 KG હું સનાતની શતાબ્દી મહોત્સવ જાજરમાન બને અને આ સંગઠનનાં સેતુમાં મારું યોગદાન અર્પણ કરતા ગૌરવની લાગણી અનુભવું છું..

યુવાસંઘ ફેમિલી નંબર - 68
પરીવાર સભ્ય સંખ્યા - 10
હાલે - થાણા
નામ - ઈશ્વરલાલ હીરજી ગોરાણી
કચ્છનું ગામ - કલ્યાણપુર
સમાજનું નામ - થાણા સમાજ
ઝોન સમાજ નું નામ - મુંબઈ ઝોન

રદ્દી સે સમૃદ્ધિ મારો સંકલ્પ મારો સમાજ સમૃદ્ધિ નાં શિખરે..

ભવાનભાઇ જાદવાણી નિઝામાંબાદ ને સહારનીય કાર્ય બદલ વંદન કરીએ અને અભીનંદિત કરીએ

ગોદાવરી નદીના કિનારે પોચમપહાડ ડેમ માં ડૂબતી મહિલાને બચાવી ભવનભાઈ જાદવાણી



નિઝામાબાદ (તેલંગાણા) ના ભવનભાઈ જાદવાણી આજ સવારના આરમૂર ટાઉન ની નજીક ગોદાવરી નદીના કિનારે આવેલા પોચમપહાડ ડેમ (શ્રી રામસાગર) મધ્યે નદીમાં બારસ વિધી કરવા ગયેલ ત્યારે કોઈ અજાણી ડૂબતી મહિલા ને પાણી મા કૂદી ને બચાવી લીધી હતી. તેમની સાથે આપણી સમાજના અન્ય ભાઈઓ પણ સતર્ક થઈ ગયા હતા અને બધા મળીને એ બહેનને નદી કિનારે તટ પર લાવી પેટમાં ભરાઈ ગયેલ પાણી બહાર કાઢતા તેઓ બચવા માપ્યા હતા. ત્યાં સુધી એમના પતિ પણ આવી ગયા બધા મળીને તેમને બેભાન થઈ ગયેલ બહેનને બચાવવામાં સફળ થઈ ગયા હતાં. ત્યાં ગોદાવરી નદીના કિનારે આવેલા સર્વે જાતીના લોકો આ જીવ બચાવનાર

ભવનભાઈ જાદવાણીના પ્રયાસ ને બિરાવેલ અને તેમનો નો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

સંકલન :
પ્રવિણ કુમાર સાંખલા (નિઝામાબાદ).
સંયોજક :
જસવંત સુરાણી હૈદરાબાદ

રદ્દી સે સમૃદ્ધિ મારો સંકલ્પ

શ્રી સમાજ નાં વિકાસ અને વ્યવસ્થા અને સનાતની સમજણ નાં અધિવેશન ની સાર્થકતા કાજે મારું અને મારા પરિવાર નું નાનકડું રદ્દી નું યોગદાન ૨૫૧ KG હું સનાતની શતાબ્દી મહોત્સવ જાજરમાન બને અને આ સંગઠન નાં સેતુ માં મારું યોગદાન અર્પણ કરતા ગૌરવ ની લાગણી અનુભવું છું.

ફેમિલી નબર 868873
પરીવાર સભ્ય સંખ્યા 5
ગામ હાલ રત્નાપર
નામ જીતેશ રતનશીભાઈ હળપાણી
કચ્છ નું ગામ રત્નાપર
સમાજ નું નામ રત્નાપર પાટીદાર
સમાજઝોન સમાજ નું નામ માંડવી ઝોન
સહિ જીતેશ હળપાણી

ગુણાતીતપુર યુવા મંડળ દ્વારા ખેતી તેમજ વ્યવસાય ના દિવસ ના કામ હોવાથી રાત્રિ ના રદી એકત્રિત કરવામાં આવી

પ્રિન્સ એટલે તો પ્રિન્સ છે કે એ અન્ય થી અલગ અસ્તિત્વ પોતાનું સર્જન કરે છે

ચક્ષુ દાન સંકલ્પ કરી સમાજ ના જ્ઞાતિજનોને પ્રેરણા આપવા બદલ ધન્યવાદ

આપણે જીવતા હોઈએ ત્યારે સમાજની સેવા કરીએ તે પ્રશન્સનીય છે. પણ મૃત્યુબાદ ચક્ષુદાન મહાદાન અથવા તો જીવતા રકતદાન અને મૃત્યુ બાદ ચક્ષુદાન મૃત્યુ બાદ મરનારની આંખોનું દાન કરવું. એ જરૂરી એટલા માટે છે કારણ કે ભારતમાં લાખો લોકો કીકીના અંધાપાથી પીડાય છે. (કીકી એટલે આંખનો આગળનો ગોળ પારદર્શક ભાગ કોર્નિયા કહેવાય છે) જો આ પારદર્શક ભાગ-અપાદર્શક (ફલાયેલો) સફેદ થઈ જાય તો તેને દેખાતું બધં થઈ જાય. આવામાં જો આપણે મૃત્યુ બાદ ચક્ષુદાન કરીએ તો કોઈ અધં વ્યકિતને રોશની મળી જાય તો આનાથી સારું માનવીય કાર્ય કયુ હોય શકે ?

પ્રિન્સ તેજસ નાં મમ્મી અર્ચના શૈલેષ રંગાણી હાલ માં Health N Disaster Management નાં Forest Council PDO ની સાથે વિદર્ભ નાં Convenor થકી પોતાની સેવા આપી રહ્યા છે અને એમના કર્યો થીજ પ્રેરણા લઈ પ્રિન્સ તેજસ અને પુત્રવધુ રિદ્ધિ એ સગાઈ ની પૂર્વ સંધ્યા નાં દિવસે આયોજિત Entertainment Night માં ચક્ષુદાન સંકલપિત થવા માટે પોતાની ઈચ્છા જાહેર કરેલ છે

જે ખરેખર અનેકો માટે પ્રેરણાસ્રોત બની ગયેલ સગાઈ ના સાક્ષી બનનાર આ સંકલ્પ ને વધાવી અન્ય ચાલીસ (૪૦) વ્યક્તિ ઓએ પણ ચક્ષુદાન ના સંકલ્પ પત્ર ભરેલ છે એટલે ખરેખર આ દિવસ એમના માટે અને સમાજ માટે યાદગાર દિવસ કહેવાય. આવી પ્રેરણા સંકલ્પ થકી અન્ય ના જીવનમાં રોશની નો દીપ જલાવી માનવતાનું કાર્ય કર્યું છે. અન્ય વ્યક્તિ ઓએ પણ કરવું જોઈએ.

મૃત્યુબાદ પણ આપણે જીવીત રહેવા માગતા હોઈએ તો ચક્ષુદાન મહાદાન કરવુ જોઈએ. આ અતિ સારું સામાજિક કાર્ય છે . સમાજ માં વધુ ને વધુ ચક્ષુદાન કરીએ એવો સંકલ્પ લઈએ અને પ્રેરણા આપીએ.

સમાજ માં નવી દીશા મળે તે માટે ચક્ષુદાન કરવું જરુરી છે. જરૂરીયાત વાળી વ્યક્તીઓના શરીરમાં આ ચક્ષુ નું પ્રત્યારોપણ કરવામાં આવે તો તેવી વ્યકતીઓને નવજીવન પ્રાપ્ત થાય છે.

આમ પ્રિન્સ તેજસ અને પુત્રવધુ રિદ્ધિ એ સગાઈ ની પૂર્વ સંધ્યા નાં દિવસે મૃત્યુ બાદ પણ પોતાની આંખો જરૂરિયાત મંદને ઉપયોગી થાય તેવી અંતિમ ઈચ્છા વ્યક્ત કરી છે. તે બદલ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ હૃદય પૂર્વક પ્રિન્સ તેજસ અને પુત્રવધુ રિદ્ધિ ને સગાઈ ના શુભ પ્રસંગે આશીર્વાદ સાથે ધન્યવાદ પાઠવે છે.

અહેવાલ આપનાર :
જગદીશભાઈ ભોજાણી,
હિંમતનગર

"રદ્દી થી સમૃદ્ધિ અભિયાન"- શિરપુર સમાજ

(પાટીદાર સમાજ, શિરપુર માં રદ્દી એકત્રીકરણ)

શ્રી કચ્છ કડવા પાટીદાર નવયુવા મંડલ ધુલિયા

શ્રી ક.ક. પાટીદાર સમાજ ધુલિયા પ્રેરિત... શ્રીક.ક. પાટીદાર સનાતન યુવક મંડળ, ધુલિયા

તા. 3/11/22 શુક્રવાર ના રોજ શ્રી ક.ક. પાટીદાર સમાજ ધુલિયા પ્રેરિત શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવક મંડળ, ધુલિયા દ્વારા શિરપુર સમાજમાં રદ્દી એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં રદ્દી એકત્ર કરવામાં આવી હતી.

મધ્ય મહારાષ્ટ્ર રીજીયન ખાનદેશ વિભાગના ચેરમેન પ્રવીણભાઈ દિવાણી અને ધુલિયા યુવા મંડળના પ્રમુખ- દીપક ચૌધરી સાથે ધુલિયા યુવા મંડળના મહામંત્રી ગીરીશ રામજીયાણી, ધુલિયા યુવા મંડળના ખજાનચી કુંદન પેથાણી, ધુલિયા યુવા મંડળના શિરપુર ના સભ્યો હાજર હતા.

કેન્દ્રીય શ્રીસમાજના વિશેષ, અભિયાનને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ વધુમાં વધુ પસ્તી દાન કરવા સંકલ્પ લેવડાવ્યો હતો.

સાથે સાથે રાત્રે સમાજના સૌ ભાઈયોએ વોલીબોલ રમત નો પણ લાભ લીધેલ.

SABKKP યુવાસંઘ.
મધ્ય મહારાષ્ટ્ર રિજીયન.
(ખાનદેશ વિભાગ.)

કુંડાલ માં ચંદુભાઈ દીવાણી પર ઘાતક હુમલો

કુદાલ (સિંધુદુર્ગ- મહારાષ્ટ્ર)

કલ રાત M I D C મે ઉદ્યોજક ચંદૂ પટેલ (દીવાણી) (kutch ગામ થરાવડ়ા, Nakhatrana)को POP કાંટ્રેક્ટર અબ્દુલ ख़ાન ને की जान लेवा हमला.

यह हादसा कल रात ९.०० बजे कुदाल पुलिस स्टेशन के कंपाउंड में ही हुआ और पुलिस देखती ही रह गई. हमलावर को पुलिस कस्टडी में ले लिया गया है.

चंदू पटेल की तबियत सीरियस है और उसे उपचार के लिए रातोंरात गोवा सिफ्ट किया गया है.

વિસ્તાર મેં-

४ दिन पहले चंदू पटेल ने कुदाल पुलिस स्टेशन में कंप्लेन की थी के उनके कंस्ट्रक्शन साइड से रात में समान चोरी हो रहा है, इस सिलसिले में कल शाम ९.०० बजे पुलिस ने चंदू पटेल को और POP कांट्रेक्टर अब्दुल ख़ान को थाने बुलाया गया. जाँच करके उन्ह दोनो को जाने को कहा, जैसे दोनो ही थाने से बाहर आये अब्दुल ख़ान ने चंदू पटेल पे पाथर से उनके सर पर, चाहरे पर, हाथों पर जान लेवा हमला किया.

ये सब पुलिस के सामने हुआ.रातोंरात कुदाल के सभी ४०० से भी ज़ादा वेयपारी भइयो कुदाल पुलिस स्टेशन पहुँच गये.

નખત્રાણા ની અંદર તંત્રની તાનાશાહી

નખત્રાણા પ્રાંત અધિકારી દ્વારા ગઈકાલે નખત્રાણા તાલુકાના શાયરા, દેવપર સીમમાંથી ત્રણ ટ્રેક્ટર અને એક લોડરને ખેતીના ઉપયોગ માટે વપરાતા કાપના ભરેલા વાહનોને કબજે કરવામાં આવેલ. જાણવા મળતા સૂત્રો અનુસાર આ કબજે કરવામા આવેલ વાહનો ખેડૂતના ખેતરમાં કાપ નાખી રહ્યા હતા તે સમયે પ્રાંત અધિકારી નખત્રાણા ના સ્ટાફ દ્વારા તેમને કોઈકના કહેવાથી તેમને કબજે કરેલ. જોવાની વાત એ છે કે અહીં પ્રાંત અધિકારી કે મામલતદાર તથા નખત્રાણા પોલીસ સ્ટેશન સ્ટાફને એ નથી દેખાતું કે અહીં દરરોજ સવારના 3.30 થી સવારના 6:30 સુધી અનેક ખનીજ ચોરી વાહનો દ્વારા થાય છે અને ખેડૂત પોતાના ખેતરમાં બાજુમાં આવેલ કામ પોતાના ખેતરમાં નાખતો હોય તો તેને કોઈક ના કહેવાથી દંડિત કરવામાં આવે અને તેના સાધનો પોલીસ સ્ટેશન ની અંદર જમા કરવામાં આવે તે ક્યાં સુધી યોગ્ય છે શું તંત્ર મોટા માથાના રોડ પર ચાલતા વાહનો ઉપર મીઠી નજર રાખી રહી છે અને ખેડૂતોને પજવી રહી છે. આવા સવાલો નખત્રાણા ની અંદર ચર્ચા રહ્યા છે. નખત્રાણા ની અંદર વહેલી સવારના અસંખ્ય વાહનો જેવા કે ટ્રેક્ટર ડમ્પર અને ટેમ્પા દ્વારા કોલોની ની અંદર તેમજ અન્ય જગ્યાએ ખનીજની હેરાફેરી કરતા હોય છે તે શું તેમની નજરે નથી આવતા..?? ત્યારે શું તંત્ર આંખ આડા કાન કરી લેજે કે પછી બીજું કંઈ કારણ હોઈ શકે તે એક ચર્ચાનો વિષય બની રહ્યો છે..!!! નખત્રાણા ની અંદર જીલ સોસાયટી પ્રાચીનગરી મણીનગર તેમજ અન્ય કોલોનીમાં રહેતા રહેવાસીઓ દ્વારા વહેલી સવારે આવતા આ વાહનો દ્વારા ત્રાહિમામ પોકારી રહ્યા હતા અચાનક વાહનો દ્વારા ખાલી કરવામાં આવતા ખનીજ ના અવાજથી લોકો ઘરથી બહાર નીકળી આવે છે તેઓનો લાગે છે કે ફરી પાછો શું ભૂકંપ આવ્યો? આવો અનુભવ કરી રહ્યા છે અહીંના બિલ્ડરો દ્વારા રોયલ્ટી વગરના ખનીજનું વિસ્તરણ થઇ રહ્યું છે તે શું તંત્રને ખબર નથી.? બિલ્ડરો દ્વારા રેતી કાકરી પથ્થરો મંગાવવામાં આવે છે તે શું તંત્રને ખબર નથી.?

ફક્ત ખેડૂતોને પરેશાન કરવામાં આવે છે તેના પાછળ શું કારણ હોઈ શકે. અમુક જાગૃત નાગરિકો દ્વારા એવું પણ જાણવા મળ્યું છે કે આ ખનીજ ચોરો તમામ કચેરીઓ સાથે સંકળાયેલા હોય છે તેથી તેમના ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી અને તેઓ બિન્દાસ રીતે ધંધો કરી રહ્યા છે. આવા ભુમાફીઓને તંત્ર યંત્ર છાવરી રહ્યું છે અને ખેડૂતના ખેતર ની અંદર કાપ નાખવા ઉપર દંડિત કરી રહ્યું છે. અહીંના પ્રાંત અધિકારી પહેલા પણ બેરુ પ્રકરણમાં સોશિયલ મીડિયા ઉપર સારી રીતે છવાયા હતા તેમ છતાં પણ તેઓ આ ખાડા કાન કરીને ફરે છે અને ખોટી રીતે ખેડૂતોને પરેશાન કરી રહ્યા છે. તેમને ફક્ત જ કંપનીઓ દેખાઈ રહી છે કંપનીઓની અંદર પણ જે ટાવરો ઊભા કરવામાં આવે છે અને રસ્તા બનાવવામાં આવે છે ત્યાં પણ વપરાતો ખનીજ જેમ કે રેતી કાકરી રોયલ્ટી વગર વપરાય છે. તે સાહેબઓને દેખાતું નથી અને ખેડૂત તો દેખાય છે. નજરે જોનાર કહી જ રહ્યા છે. ફોટાની અંદર ડુંગરો ખોદી નાખવામાં આવ્યા છે તે અહીંના તંત્રને દેખાતું નથી.? ખેડૂત બીચારો ખેતરમાં કાપ નાખે એ તંત્રને દેખાય છે...

જાગૃત નાગરિક..કચ્છ..

અવસાન

સ્વ. સચિન કુમાર ભવન (ભાણજી) ચૌહાણ
ઉંમર 27 વર્ષ | 04/11/2022
કચ્છમાં : કાદીયા મોટા
હાલે : બોરસદ (ગુજરાત)

સ્વ. શાંતાબેન ભીમજી ભીમાણી
ઉંમર 65 વર્ષ | 03/૧૧/૨૦૨૨
કચ્છમાં : કાદીયા મોટા
હાલે : અક્કલકોટ

સ્વ. ડાહ્યાભાઈ કાનજી ભગત
ઉંમર 80 વર્ષ | 04/૧૧/૨૦૨૨
કચ્છમાં : ઉગેડી
હાલે : નાગોઠાણે, અલીબાગ

સ્વ. શંકરભાઈ નારણ પોકાર
ઉંમર 76 વર્ષ | 05/10/2022
કચ્છ માં : દયાપર (LK)
હાલે : મલાડ - મુંબઈ

કચ્છ ન્યૂઝ

અમદાવાદ ઝોન સમાજ ના ૧૧ માં સમૂહ વિવાહ આજે ૦૬ નવેમ્બર નાં આયોજન વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન જાસપુર મુકામે આયોજન કરવામાં આવશે.

H.K. DOORS

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26, Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur, Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205